सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૧૧/૦૩/૨૦૨૬. | | |
| ફેસલ તારીખ | ૧૬/૦૩/૨૦૨૬. | | |
| અવધી | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૦૫ |

# જામનગરનાં સેશન્સ જજ સાહેબશ્રીની અદાલત સમક્ષ.

ફોજદારી પરચુરણ અરજી નં.૩૨૬/૨૦૨૬.
આંક-૬.

**યશપાલસીંહ ઉર્ફે વડીયો નરેન્દ્રસીંહ જાડેજા,**
ઉ.વ. ૩૨, ધંધો : ડ્રાઈવીંગ,
રહે.મચ્છરનગર, શેરી નં.૪, ગંગેશ્વર મંદિર પાસે,
ગાંધીનગર, જામનગર.
હાલ : જીલ્લા જેલ, જામનગર. :: અરજદાર.

**વિરૂદ્ધ**

**શ્રી સરકાર,**
થ્રુ : જીલ્લા સરકારી વકીલશ્રી,
જામનગર. :: સામાવાળા.

બાબત : બી.એન.એસ.એસ. કલમ-૪૮૩ મુજબ જામીન અરજી.

અરજદાર તરફે વિ.વ. શ્રી પી.એલ. લહેરૂ.
સામાવાળા તરફે વિ.પી.પી. શ્રી જે.કે. ભંડેરી.

-:: **ચુકાદો** ::-

**૧.** અરજદારે બી.એન.એસ.એસ. કલમ-૪૮૩ મુજબ રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે હાલની અરજી કરેલી છે.

**૨.** અરજદારની અરજીની ટૂંકમા વિગત એવી છે કે, પંચકોષી–એ ડિવિઝન પોલીસ સ્ટેશન, જામનગર, ગુ.ર. નં.૧૧૨૦૨૦૪૫૨૬૦૦૧૬/૨૦૨૬, પ્રોહીબીશન એકટ કલમ–૬૫(એ)(ઇ), ૮૧, ૯૮(૨) મુજબનાં ગુન્હા નાં કામે તેઓને અટક કરવામા આવેલ છે અને હાલ જયુડિશિયલ કસ્ટડી મા હોવાથી જામીન ઉપર મુકત થવા માટે બી.એન.એસ.એસ. કલમ–૪૮૩ મુજબ હાલની જામીન અરજી દાખલ કરવામા આવેલી છે.

**૩.** અરજી દાખલ થતાં સરકારશ્રીને નોટીસ કરવામા આવતા સરકારશ્રી તરફે વિ.પી.પી. શ્રી જે.કે. ભંડેરી હાજર થયેલા છે.

**૪.** અરજદારનાં વિ.વ.શ્રીની મુખ્યત્વે રજુઆત છે કે, અરજદાર વિરૂદ્ધ નોંધાયેલ ગુન્હો ટ્રાયેબલ બાય જે.એમ.એફ.સી. છે અને તેમા સજાની જોગવાઇ વધુમા વધુ ૧૦ વર્ષની છે. અરજદાર ડ્રાઈવીંગ કરી ગુજરાન ચલાવે છે, પોતાનાં કુટુંબ, પરીવારનો આધાર તેઓ ઉપર છે. તેઓ કાયમી રીતે ઉપરોકત સરનામે વસવાટ કરે છે, કયાંય નાશી, ભાગી જાય તેમ નથી અને ટ્રાયલનાં તબકકે તેઓની હાજરી સુનિશ્ચિત કરી શકાય તેમ છે. આ કામનું ચાર્જશીટ થઇ ગયેલ છે, તેથી પુરાવા સાથે ચેડા થવાનો કોઇ પ્રશ્ન નથી. આવા સંજોગોમા અરજદારની જામીન અરજી મંજુર કરવા અરજ કરેલી છે.

**૫.** વિ.પી.પી.શ્રીએ મુખ્યત્વે દલીલ કરેલી છે કે, અરજદારે આર્થિક લાભ મેળવવા માટે અસામાજીક પ્રવૃત્તિ કરેલી છે. આ કામનાં સહઆરોપીને અટક કરવાનાં બાકી છે. અરજદાર વિરૂદ્ધ આ અગાઉ આ જ પ્રકારનાં ૨૩ ગુન્હાઓ નોંધાયેલા છે. તેથી, અરજદારને જામીન મુકત કરવામા આવશે તો, આ જ પ્રકારનાં ગુન્હા કરવા પ્રેરાશે. તેથી, હાલની જામીન અરજી રદ કરવા અરજ કરેલી છે.

૬. બંને પક્ષકારોનાં વિ.વ.શ્રીઓની રજુઆતો સાંભળી, પોલીસ તપાસનાં કાગળો વંચાણે લીધા તથા તપાસનીશ અમલદારનું સોગંદનામુ પણ વંચાણે લીધુ.

૭. સૌપ્રથમ આ ગુન્હાનાં કામે આરોપી વિરૂદ્ધનાં આક્ષેપિત ગુન્હાની ટૂંકમા હકીકત ધ્યાને લેવામા આવે તો, આ કામનાં અરજદારનાં કબજાની ફોર્ડ ફીએસ્ટા કાર નં.જીજે ૧૦ એફ ૯૭૨૮ મા ગેરકાયદેસર રીતે વિદેશી દારૂની બોટલ નંગ–૨૪૬, કિંમત રૂા.૨,૭૦,૬૦૦/– વેચાણ અર્થે રાખી હેરાફેરી કરેલ હોવાનો આક્ષેપ છે. હાલનાં અરજદાર સામે અન્ય ૨૩ ગુન્હા દાખલ થયેલા છે, જે તમામ ગુન્હાઓ પ્રોહીબીશન એકટનાં છે. આમ, તેઓ રીઢા ગુન્હેગાર હોવાનું જણાય છે.

૮. આ કામનાં અરજદાર જામનગરનાં કાયમી વતની છે તેવી હકીકત જોતા તેઓ કયાંય નાશી, ભાગી જાય તેમ નથી અને તેઓની ટ્રાયલનાં તબકકે હાજરી સુનિશ્ચિત બની રહેશે તેમ જણાઇ આવે છે. આ કામનું ચાર્જશીટ દાખલ થઇ ગયેલ છે. તેથી, પુરાવા સાથે ચેડા થવાનો કોઇ પ્રશ્ન નથી. તેવા સંજોગોમા અરજદારને જામીન મુકિતનો લાભ આપવો ન્યાયોચીત જણાઇ આવે છે.

૯. આરોપી વિરૂદ્ધનાં આક્ષેપીત ગુન્હાઓ જોતા ગુન્હાની ટ્રાયલ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સમક્ષ ચાલવાપાત્ર હોવાનું જણાઇ આવે છે. જયુડિશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની અદાલતોની પેન્ડન્સીને જોતા આવી ટ્રાયલ ચાલતા લાંબો સમય જશે તે એક સ્વાભાવિક બાબત જણાય છે. તેથી પણ અરજદારને જયુડિશિયલ કસ્ટડીમા રાખવાથી કાયદાનો કોઇ ચોકકસ હેતુ બર આવે તેમ જણાઇ આવતુ નથી.

**૧૦.** અરજદાર વિરૂદ્ધનો આક્ષેપિત ગુન્હો, ગુન્હાની ગંભીરતા, ગુન્હા સબંધે સજાની જોગવાઇ, ગુન્હા સબંધેની ભૂમિકા જેવા મુદ્દાઓને ધ્યાને લેતા તેમજ **નામદાર સુપ્રિમ કોર્ટનાં (૨૦૨૧)૧૦ એસ.સી.સી. ૭૭૩, સત્યેન્દ્ર કુમાર અન્ટીલ વિરૂધ્ધ સી.બી.આઇ.**નાં ચુકાદામા નામદાર સર્વોચ્ચ અદાલતે ઘણા બધા નામદાર સુપ્રિમ કોર્ટનાં તથા નામદાર હાઇકોર્ટોનાં ચુકાદાઓ ધ્યાને લઇ નોંધેલ છે કે, જામીન આપવાનો આશય આરોપીઓ ટ્રાયલ વખતે હાજર રહેશે તે જોવાનો છે. જામીન અંગેનાં હુકમો શિક્ષાત્મક હોતા નથી અને વ્યકિતગત સ્વતંત્રતાને છીનવી લેવામા આવે તે પણ એક સજા છે. આરોપી જયાં સુધી કસુરવાર ના ઠરે ત્યાં સુધી નિર્દોષ માનવો જોઇએ તેવો કાયદાનો પ્રસ્થાપિત સિદ્ધાંત છે.

**૧૧.** આ કામનું રેકર્ડ તપાસતા અરજદાર વિરૂદ્ધ આ અગાઉ પણ ૨૩ ગુન્હાઓ નોંધાયેલા છે. આવા તમામ સંજોગોમા અરજદારને કડક શરતોને આધીન જામીન ઉપર મુકત કરવા ન્યાયોચીત જણાઇ આવે છે. તેથી, ન્યાયનાં હીતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

-:: **હુકમ** ::-

**૧.** અરજદારની જામીન અરજી નીચેની શરતોએ મંજુર કરવામા આવે છે.

-:: **શરતો** ::-

**૧.** અરજદારે રૂા.૫૦,૦૦૦/- (અંકે રૂપિયા પચાસ હજાર પુરા) નાં એક એવા કુલ બે જે પૈકી એક જામનગરનાં લોકલ તથા એક અન્ય જામીન તથા તેટલી જ રકમનાં જાતમુચરકા આપવાનાં રહેશે.

**૨.** અરજદારે પોતાનું સરનામુ અને મોબાઇલ નંબર જામીન આપતી વખતે રજુ કરવાનાં રહેશે અને આ સરનામુ તથા મોબાઇલ નંબર વિ.ટ્રાયલ કોર્ટની પરવાનગી વગર બદલી શકાશે નહીં.

**૩.** અરજદાર નાશી, ભાગી જશે નહીં, ટ્રાયલ વખતે નિયમિત હાજર રહેશે, પુરતો સાથ સહકાર આપશે અને કોઇ સંજોગોમા તેઓ કોર્ટ સમક્ષ હાજર ના રહી શકે તો, તેઓની ગેરહાજરીમા વકિલશ્રીને કેસ ચલાવવાની સત્તા આપશે.

૪. અરજદાર પ્રત્યક્ષ કે પરોક્ષરીતે કોઇ ધાકધમકી આપી અથવા તો, પ્રલોભન આપી અથવા તો, કોઇપણરીતે ફરીયાદ પક્ષનાં સાહેદો ને ફોડવાનો પ્રયત્ન કરવો નહીં કે પોલીસને તથા કોર્ટને ખરી હકીકત જણાવશે રોકશે, રોકાવશે નહીં.

૫. અરજદારે ટ્રાયલ પૂર્ણ થતાં સુધી વિ.ટ્રાયલ કોર્ટની પરવાનગી વગર જામનગર જીલ્લાની હદ છોડવી નહીં.

૬. આ કામની ટ્રાયલ પૂર્ણ થાય ત્યાં સુધી અરજદારે દર અંગ્રેજી માસ ની પહેલીથી ત્રિજી તથા પંદરથી અઢાર તારીખ સુધીમા (મહિના મા બે વખત) સબંધીત પોલીસ સ્ટેશનમા નિયમિત હાજરી પુરાવવાની રહેશે.

૭. અરજદારે આવા કે અન્ય પ્રકારનાં ગુન્હા ભવિષ્યમા આચરવા નહીં.

૮. અરજદાર પાસપોર્ટ જમા કરાવવાનો રહેશે અને જો, પાસપોર્ટ ધરાવતા ના હોય તો, તે અંગેનું જરૂરી સોગંદનામુ કરવાનું રહેશે.

૯. અરજદારે પોતાની ઓળખ અંગેનાં, હાલનાં તેમજ કાયમી સરનામા અંગેનાં દસ્તાવેજી પુરાવા જામીન આપતી વખતે રજુ કરવાનાં રહેશે તથા ઈન્સાફી કાર્યવાહી ચલાવનાર અદાલતની પૂર્વ મંજૂરી સિવાય સરનામુ બદલી શકાશે નહીં.

**૨. ઉપરોકત કોઈપણ શરતોનો ભંગ કરવામા આવશે કે અરજદાર વિરૂદ્ધ હવે પછી કોઇ ગુન્હો દાખલ થાય તો, સરકારશ્રી અરજદારનાં જામીન રદ કરવા માટે અરજી કરી શકશે.**

૩. જામીન સબંધીત કોર્ટમા આપવાના રહેશે અને તે અંગેની જરૂરી યાદી સબંધીત કોર્ટ તથા પોલીસ સ્ટેશનોને કરવી.

આ ચુકાદો આજરોજ તા.૧૬મી માર્ચ, ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમા વાંચી, સંભળાવી જાહેર કર્યો.

જામનગર.
તા.૧૬/૩/૨૦૨૬.
વી.વી. જોટાણીયા.

Digitally signed by
NEHAL RAJESHBHAI JOSHI
on 16/03/2026 17:32:01 IST.

(**નેહલકુમાર રાજેશભાઇ જોષી**)
સેશન્સ જજ
કોડ નં.જીજે ૦૧૩૧૮, જામનગર